**એમ.એ.સી.પી. નંબર: ૨૯૫ સને ૨૦૧૯**

**<u>આંક: ૧ અન્વેયે હુકમ</u>**

**(૧)** આ કામ આજરોજની નેશનલ લોક અદાલત સમક્ષ પક્ષકારો વચ્ચે રહેલી તકરારોનું સમાધાનની રુઇએ નિરાકરણ આવી શકે તે હેતુથી હાથ ઉપર લેવામાં આવ્યું. અરજદાર તથા તેમના વિ. વ. શ્રી. તેમજ સામાવાળા વિમા કંપની તેમજ તેમના વિ. વ. શ્રી. આજરોજ કોર્ટ સમક્ષ હાજર રહેલ છે. જેઓએ **<u>આંક : ૨૩</u>** થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે જે જે તે સમયે યોગ્ય રીતે વેરીફાય કરવામાં આવેલ છે. જેથી તે પુરશીસ રેકર્ડ પર લેવામાં આવી છે અને કામમાં દાખલ કરવામાં આવે છે.

**(૨)** હાલની વળતર અરજીના ફુલ એન્ડ ફાઇનલ વળતર સંદર્ભે સામાવાળા વિમા કંપની **<u>એચ.ડી.એફ.સી. ઇર્ગો જનરલ ઇન્સ્યોરન્સ કંપની લીમીટેડે રુ. ૧,૭૦,૦૦૦ (અંકે રુપીયા એક લાખ સિતેર હજાર પુરા) સમાધાનની રુઇએ</u>** ચુકવી આપવાનું કબુલ કર્યુ છે અને અરજદારે પણ તેવી રકમ હાલની વળતર અરજીના ફુલ એન્ડ ફાઇનલ સેટલમેન્ટ તરીકે સ્વીકારી સામાવાળા વિમા કંપની ને બાકીની રકમ ચુકવવાની જવાબદારીમાંથી મુક્ત કર્યાનું કબુલ રાખ્યું છે.

**(૩)** સબબ સદર સામાવાળા વિમા કંપનીએ સમાધાન મુજબની રકમ આજથી **<u>ત્રણ માસમાં</u>** અરજદારને ચુકવી આપવાના આશયથી અત્રેની ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે અને તેમાં નિષ્ફળ થયેથી અરજદાર સદર સમાધાન મુજબની રકમ સમાધાનની તારીખથી **<u>૯%</u>** ના વ્યાજ સહીત સામાવાળા વિમા કંપની પાસેથી વસુલ મેળવવા હક્કદાર રહેશે.

**(૪)** સામાવાળા વિમા કંપનીએ વચગાળાના વળતર તરીકે ચુકવેલી રકમ સમાધાનની રકમમાંથી બાદ ગણવાની રહેશે.

**(૫)** પક્ષકારોનો ખર્ચ પક્ષકારોને શીરે રહેશે.

**(૬)** મળવાપાત્ર જો હોય તો કોર્ટ રીફંડ સર્ટીફીકેટ અરજદારના નામનું કાઢવું.

**(૭)** હુકમ મુજબ એવોર્ડ તૈયાર કરવો.

સ્થળ : અમદાવાદ.
તારીખ :૧૨/૦૩/૨૦૨૨

(જે. એ. ઠક્કર)
ચોથા અધીક જીલ્લા અને સત્ર ન્યાયાધીશ તેમજ
એમ.એ.સી.ટી. (ઓક્સી.), અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં. જીજે૦૦૬૩૧